**ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ**
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૫/ક્વા-૦૪/૨૦૨૩-૨૪ / ૨૩૫ તા. ૨૯/૦૬/૨૦૨૪

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
જગદીશભાઈ મનસુખલાલ જોઈસર
હવાઈ ચોક,
મુકેશ ઘુઘરાવાળા ની સામે,જામનગર
જી. જામનગર, પીનકોડ :૩૬૧૦૦૫ મોબાઈલ :૮૪૦૧૬૪૬૫૦૮

વિષય : તા. ૦૯.૦૧.૨૪ નું લાઈટ બિલ રદ કરવા અંગે.
સંદર્ભે : જગદીશભાઈ મનસુખલાલ જોઈસર ની મળ્યા તારીખ: ૨૧.૦૩.૨૦૨૪
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૬૫/ક્વા-૦૪/૨૦૨૩-૨૪)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,
(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જામનગર શહેર-૧,

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, લાલ બંગલો,જામનગર

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૫/ક્વા-૦૪/૨૩-૨૪/ ૧૩૫ તા. ૨૯/૦૬/૨૦૨૪

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૬૫/ક્વા-૦૪/૨૩-૨૪**

અરજદાર: શ્રી જગદીશભાઈ મનસુખલાલ જોઈસર, ગામ – જામનગર

સબડીવીઝન: (લાલ બંગલો) સેન્ટ્રલ ઝોન,જામનગર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, જામનગર શહેર-૧,

## :: ફોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | : શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : શ્રી વી.જી.મારકણા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: ૨૦-૦૪-૨૦૨૪ (શનિવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૪-૨૦૨૪ (શનિવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,જામનગર કચેરી દ્વારા આપવામાં આવેલ લાઇટબિલ તા.૦૯/૦૧/૨૦૨૪ રૂપિયા ૩૨૪૮.૭૫ પૈસા છે મારૂ નામ જગદીશભાઈ મનસુખલાલ જોઈસર છે મારા મકાનમાં લાઈટ કનેક્શન લાગેલ છે તેમજ સોલર પેનલ પણ લાગેલ છે મારા ગ્રાહક નં. ૩૨૧૦૫/૦૪૨૩૩/3 છે મિટર ફોલ્ટી હોવાથી તા. ૦૮/૧૨/૨૦૨૩ ના રોજ બદલાવેલ હતું જે રોજકામ

તા. ૦૧/૦૧/૨૦૨૪ ના રોજ કરેલ છે જેમાં લેબોરેટરી દ્વારા મિટરની ડિસપ્લે ઓફ હોવાથી ફોલ્ટી જાહેર કરવામાં આવેલ મિટર ફોલ્ટી હોવાથી નિયમ મુજબ સરેરાશ વપરાશનું ૪૦૦ યુનિટનું રૂ. ૩૨૪૮.૭૫ પૈસાનું આપવામાં આવેલ મારી રજૂઆત એ છે કે જેવી રીતે બોર્ડે સરેરાશ વપરાશનું બિલ રૂ.૩૨૪૮.૭૫ પૈસાનું આપેલ છે જે એકતરફી છે કારણ કે અમારે ત્યાં લાગેલ સોલાર સરેરાશ ઉત્પાદન કરે છે તેની ગણતરી કરેલ નથી જે યોગ્ય નથી સરેરાશ બિલની ગણતરી બન્ને તરફ કરવી જોઈએ આ બિલની ગણતરીમાં ફક્ત વપરાશની ગણતરી કરેલ છે જેમાં સોલાર ઉત્પાદન થયેલ યુનિટની ગણતરી કરેલ નથી તો અમારી માંગણી છે કે અમોને આપવામાં આવેલ વીજબિલ એકતરફીં આપવામાં આવેલ જે રદ્દ કરવા યોગ્ય કરશો આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અત્રેની કચેરીના ગ્રાહક નામ : જોઈસર જગદીશભાઈ મનસુખલાલ ગ્રાહક નંબર 32105042333 થી રહેણાંક હેતુનું સોલરનું વીજ જોડાણ ધરાવે છે . સદર ગ્રાહકે લેખિત પત્ર દ્વારા તારીખ 09-01-2024 નું પુરવણી બિલ રદ અંગેની અરજી કરેલ છે જેના અનુસંધાને જણાવવાનું કે સોલાર વીજ જોડાણમાં બિલિંગ બાય ડાયરેકશન મીટરના આધારે એટલે કે ઇમ્પોર્ટ અને એક્ષપોર્ટ યુનિટના આધારે કરવામાં આવે છે. સોલાર જનરેશન મીટર ફક્ત રેકોર્ડ માટે છે. સદર ગ્રાહકના બાય ડાયરેકશન મીટરની ડિસ્પ્લે ઓફ હોવાથી ઇમ્પોર્ટ અને એક્ષપોર્ટ યુનિટ જોવા મળેલ નથી આથી સદર ગ્રાહકનું બાય ડાયરેકશન મીટર પ્રફોર્મા 15 નંબર 15869 તારીખ 08-12-2023 ના રોજ મીટર બદલાવેલ જેનું લેબોરેટરીમાં લેબ પરીક્ષણ, લેબ રોજકામ નંબર 10274 તારીખ 01-01-2024 ના રોજ સદર ગ્રાહકની હાજરીમાં લેબ રોજકામ કરવામાં આવેલ જે લેબ રોજકામ મુજબ પણ સદર મીટરની ડિસ્પ્લે ઓફ હોવાથી "ફોલ્ટી" જાહેર કરવામાં આવેલ જે લેબ રોજકામમાં સદર ગ્રાહકે સહી પણ કરેલ છે. વિશેષમાં જણાવવાનું કે સદર ગ્રાહકે સોલાર વીજ જોડાણ અંગે નું જે એગ્રીમેન્ટ કરેલ છે તેમાં પણ "મીટરિંગ" ના મુદા માં સ્પષ્ટ ઉલ્લેખ છે કે સોલાર વીજ જોડાણમાં બિલિંગ બાય ડાયરેકશન મીટરના આધારે એટલે કે ઇમ્પોર્ટ અને એક્ષપોર્ટ યુનિટના આધારે કરવામાં આવે છે. જે આપશ્રીને વિદિત થાય. આમ સદર મીટર "ફોલ્ટી" હોવાથી સદર ગ્રાહકને જે બિલ આપવામાં આવેલ તે યોગ્ય હોય તેવું જણાય આવે છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ની રજુઆત મુજબ સેન્ટ્રલ ઝોન, જામનગર પેટા વિભાગીય કચેરીના ગ્રાહક નામ : જોઈસર જગદીશભાઈ મનસુખલાલ ગ્રાહક નંબર 32105042333 થી રહેણાંક હેતુનું સોલરનું વીજ જોડાણ ધરાવે છે . સદર ગ્રાહકે લેખિત પત્ર દ્વારા તારીખ 09-01-2024 નું પુરવણી

બિલ આપવામાં આવેલ છે જેમાં સોલાર વીજ જોડાણમાં બિલિંગ બાય ડાયરેકશન મીટરના આધારે એટલે કે ઇમ્પોર્ટ અને એક્ષપોર્ટ યુનિટના આધારે કરવામાં આવે છે. સોલાર જનરેશન મીટર ફક્ત રેકોર્ડ માટે છે. સદર ગ્રાહકના બાય ડાયરેકશન મીટરની ડિસ્પ્લે ઓફ હોવાથી ઇમ્પોર્ટ અને એક્ષપોર્ટ યુનિટ જોવા મળેલ નથી.

૪.૨ આથી સદર ગ્રાહકનું બાય ડાયરેકશન મીટર પ્રફોર્મા 15 નંબર 15869 તારીખ 08-12-2023 ના રોજ મીટર બદલાવેલ જેનું લેબોરેટરીમાં લેબ પરીક્ષણ, લેબ રોજકામ નંબર 10274 તારીખ 01-01-2024 ના રોજ સદર ગ્રાહકની હાજરીમાં લેબ રોજકામ કરવામાં આવેલ જે લેબ રોજકામ મુજબ પણ સદર મીટરની ડિસ્પ્લે ઓફ હોવાથી "ફોલ્ટી" જાહેર કરવામાં આવેલ જે લેબ રોજકામમાં સદર ગ્રાહકે સહી પણ કરેલ છે.

૪.3 સદર બાબતે પીજીવીસીએલ દ્વારા અરજદાર શ્રી ના ઓગષ્ટ-૨૦૨૩ થી મે-૨૦૨૪ સુધીના બિલિંગ ની વિગતો આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે. નો રિપોર્ટ આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

| BILLING MONTH | SOLAR GENE. UNIT-**A** | EXPORT UNIT-**B** | IMPORT UNIT-**C** |
|---|---|---|---|
| AUG-SEP 23 BILL DT 29.09.23 | NO DATA AVAILABLE FOR IMP. & EXP. UNIT FOR 81 DAYS (18/9 TO 8/12) | | |
| OCT-NOV 23 BILL DT 06.12.23 | | | |
| FEB-MAR 24 BILL DT 22-03-24 | 797 | 681 | 198 |
| APRIL – MAY 24 BILL DT 29.05.24 | 1210 | 843 | 596 |

તદ્ઉપરાંત તા. ૧૮.૦૯.૨૦૨૩ ના રોજ મીટર ઈન્સ્ટોલ કર્યા બાદ તા. ૨૯.૦૫.૨૦૨૪ સુધી એટલે કે એપ્રિલ-મે -૨૦૨૪ ના સમયગાળા ના બિલિંગ ની તારીખે જનરેશન મીટર નું રીડિંગ ૩૫૮૨ KWH હોવાનું જણાવેલ છે. આથી તા. ૧૮.૦૯.૨૦૨૩ થી તા. ૦૬.૧૨.૨૩ સુધીના સમયગાળા માં ૩૫૮૨-૭૯૭-૧૨૧૦=૧૫૭૫ યુનિટ નું જનરેશન થયેલ હોવાનું તારણ કાઢી શકાય. એ મુજબ એક્સપોર્ટ યુનિટ ૬૮૧+૮૪૩=૧૫૨૪/૬૮=૨૨.૪૧ પ્રતિ દિવસ અને ઇમ્પોર્ટ યુનિટ ૧૯૮+૫૯૬=૭૯૪/૬૮=૧૧.૬૭ યુનિટ પ્રતિ દિવસ થાય. એ મુજબ ઉપરોક્ત વિવાદિત સમયગાળા માં એક્સપોર્ટ યુનિટ ૨૨.૪૧*૮૧=૧૮૧૫ અને ઇમ્પોર્ટ યુનિટ ૧૧.૬૭*૮૧=૯૪૫ યુનિટ થાય છે. આમ આ સમય દરમ્યાન ૧૫૭૫-૧૮૧૫+૯૪૫=૭૦૫ યુનિટ નું બિલ લેવાનું થાય છે જે મુજબ ઓગષ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૩ નું

૩૫૩ અને ઓક્ટોમ્બર-નવેમ્બર ૨૦૨૩ નું ૩૫૩ યુનિટનું બિલ બનાવવાનું થાય છે. આથી હુકમ કરવામાં આવે છે કે ૪૦૦ યુનિટના એવરેજ બિલની સામે સુધારેલ ૩૫૩ યુનિટ મુજબ ના ગણતરી કરવી અને તે મુજબ વસુલાત કરવી.

૪.૪ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી વી.જી.મારકણા | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જીલ્લા સેવા સદન-3, ત્રીજો માળ,બ્લોક નં. ૧, સરકારી પ્રેસ રોડ, ફોન નં.-૦૨૮૧-૨૯૯૪૧૨૫, રાજકોટ-૩૬૦૦૦૧